



## મોડાસા જાયન્ટ્સ ગ્રુપ દ્વારા દિવાળી પર્વે ગરીબ બાળકોને મીઠાઈનું વિતરણ

'કિશી કી મુશ્કુરાહટો પે હો નિસાર કિશી કા દર્દ મિલ શકે તો લે ઉધાર, કિશી કી વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર, જીના ઈસી કા નામ હૈ...'ની હિન્દી ચલચિત્ર પિકચરના ગીતના શબ્દોને સાર્થક કરતા દિવાળી પર્વ નિમિત્તે મોડાસા જાયન્ટ્સ ગ્રુપના સભ્યો દ્વારા શહેરના મુખ્યમાર્ગો અને રેલવે સ્ટેશન નજીકની ઝૂંપડપટ્ટીના બાળકો સાથે ખુશીઓ વહેંચી બાળકોને મીઠાઈ આપી દિવાળી પર્વ ઉજવવામાં આવ્યું હતું. ગરીબ બાળકોના હાથમાં મીઠાઈના પૅકેટ આપતા બાળકોના નિર્દોષ ચહેરા ખીલી ઉઠ્યા હતા. જાયન્ટ્સ ગ્રુપ ઓફ મોડાસા દ્વારા દિવાળી પર્વની અનોખી ઉજવણીની શહેરીજનોએ સરાહના કરી હતી.

# જિલ્લા પંચાયતની ૩૬ બેઠક માટે ૮૮ ફોર્મ માન્ય, ૭૦ રદ

## નગરપાલિકાની ૩૬ બેઠક માટે ૧૪૦ ફોર્મ ભરાયા હતા, ૫૮ રદ, ૮૨ માન્ય

## ૮ તાલુકા પંચાયતની ૧૭૨ બેઠક માટે ૬૭૦ જેટલાં ફોર્મ ભરાયાં હતાં

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લા પંચાયત, આઠ તાલુકા પંચાયત અને હિંમતનગર પાલિકાની તા. ૨૯ નવેમ્બરે યોજાનાર ચૂંટણી સંદર્ભે શનિવારે ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી કરાઈ હતી. જેમાં જિલ્લા પંચાયતની ૩૬ બેઠક માટે ૫૮૨ ફોર્મ ભરાયા હતાં જેમાંથી ૭૦ ફોર્મ રદ થતાં ૮૮ ફોર્મ માન્ય રહ્યા હતાં. તે પ્રમાણે પાલિકાની ૩૬ બેઠક માટે ભરાયેલા ૧૪૦ ફોર્મ પૈકી ૫૮ ફોર્મ રદ થતાં ૮૨ ફોર્મ માન્ય રહ્યા હતાં. તે પ્રમાણે હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકા પંચાયતની મળી ૧૭૨ બેઠક માટે ૬૭૦ ફોર્મ ભરાયા હતાં. જેમાં પ્રાંતિજ તાલુકા પંચાયતની બેઠક માટે ચકાસણી મોડીરાત સુધી ચાલુ રહી હતી. જેના કારણે આ તાલુકા પંચાયતની બેઠકોના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ શક્યું નહતું. આ અંગે ચૂટંણી શાખાના સુત્રોમાંથી મળતી માહિતી મૂજબ જિલ્લા પંચાયતની ૩૬ બેઠક માટે ૮૮ ફોર્મ માન્ય થયા છે ત્યારે તેમાં ભાજપ અને કોંગ્રેસના ૩૬ ઉમેદવારો જ્યારે ૫ અન્ય પક્ષો, ૧૧ અપક્ષોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. તો બીજી તરફ હિંમતનગર તાલુકા પંચાયતની ૩૦ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ૩૦ ઉમેદવારો, ૩ અન્ય પક્ષો જ્યારે ૧૩ અપક્ષો, ઈડર તાલુકા પંચાયતની ૨૮ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ૨૮ ઉમેદવારો, ૩ અન્ય પક્ષો જ્યારે ૧૬ અપક્ષો, વડાલી તાલુકા પંચાયતની ૧૬ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ૧૬ ઉમેદવારો, જ્યારે ૪ અપક્ષો, ખેડબ્રહ્મા તાલુકા પંચાયતની ૨૦ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ૨૦ ઉમેદવારો, જ્યારે ૧ અપક્ષ, પોશીના તાલુકા પંચાયતની ૨૦ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ૨૦ ઉમેદવારો, જ્યારે ૧ અપક્ષ, વિજયનગર તાલુકા પંચાયતની ૧૮ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ૧૮ ઉમેદવારો, ૯ અન્ય પક્ષો જ્યારે ૪ અપક્ષ, તલોદ તાલુકા પંચાયતની ૨૦ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ૨૦ ઉમેદવારો, જ્યારે ૫ અપક્ષ, પ્રાંતિજ તાલુકા પંચાયતની ૨૦ બેઠક માટે ભાજપ-કોંગ્રેસના ૨૦ ઉમેદવારો તથા અન્ય પક્ષો અને અપક્ષ તરફથી કેટલાક ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ પ્રાંતિજ તાલુકા પંચાયતની બેઠકો માટે ફોર્મ ચકાસણીમાં કેટલીક ક્ષતીઓને કારણે તેનું ચિત્ર સ્પષ્ટ થઈ શક્યું નથી.

# મેગાળમાં શાળા-આંગણવાડી ભવન અને પ્રવેશદ્વારનો ઉદ્‌ઘાટન સમારોહ

## ગામના દાતા દોશી પરીવાર દ્વારા ૨૦ લાખ રૂપિયાના ખર્ચે સરકારી શાળાને સુવિધાજનક બનાવાઈ

પાલનપુર, તા.૧૫

વડગામ તાલુકાના મેગાળ ગામમાં આવેલ સરકારી પ્રાથમિક શાળા તેમજ આંગણવાડી ભવનનો જિણોદ્ધાર તેમજ શાળા પ્રવેશદ્વારનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો.

મેગાળ ગામના વતની અને સુરત ખાતે ધંધા અર્થે રહેતા દોશી પરીવાર થકી મેગાળમાં આવેલી સરકારી પ્રા. શાળા, આંગણવાડી ભવન તેમજ પંચાયત ભવનનું રંગરોગાન કરીને માતૃશ્રી હીરાબેન રતીલાલ હરીચંદભાઈ દોશી પરીવારના સૌજન્યથી તેમના ચાર પુત્ર અને પુત્રવધુઓના હસ્તે રૂા. ૨૦ લાખ જેટલા માતબર રકમના ખર્ચે પ્રાથમિકશાળાનો અદ્યતન સુવિધાજનક બનાવાતાં ગ્રામજનોમાં હર્ષની લાગણી નવા વર્ષના પ્રારંભે જોવા મળી હતી. દોશી પરીવાર દ્વારા પ્રા. શાળાનું રિનોવેશન કરીને શાળામાં ટેબલ ખુરશીઓ, રંગરોગાન, દરવાજા બારીઓ તેમજ શાળાનો મુખ્ય પ્રવેશદ્વાર તેમજ શાળાના તમામ ખંડમાં સી.સી.ટી.વી. કેમેરા શાળા પટાંગણમાં પણ સી.સી.ટી.વી. કેમેરા લગાવીને સરકારી શાળાને ખાનગી શાળાઓની હરોળમાં સુશોભિત કરીને સુવિધાજનક બનાવાઈ છે. વડગામ તાલુકામાં સરકારી પ્રા.શાળામાં સી.સી.ટી.વી. કેમેરા



સાથે અદ્યતન સુવિધાજનક શાળા બીજા નંબરે મેગાળ પ્રા.શાળા હોવાનું શાળાના આચાર્યશ્રીને જણાવ્યું હતું. ગામમાં પ્રા. શાળાની સાથે સાથે આંગણવાડી ભવન, તેમજ પંચાયત ઘરને રંગરોગાન દાતા પરીવાર દ્વારા કરાયું છે. મેગાળના હીરાબા દોશી પરીવારના તમામ સભ્યોની ઉપસ્થિતિમાં શનિવારના રોજ ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન કરાયું હતું. જેમાં વડગામ તાલુકા પંચાયતના પ્રમુખ માનસંગભાઈ ઉપલાણા, વડગામ તાલુકા કર્મચારી મંડળીના ચેરમેન, ગોવિંદભાઈ આર. ચૌધરી, તાલુકાના બી.આર.સી.કો ઓર્ડીનેટર, મહેન્દ્રસિંહ બારડ, ભીખુસિંહ પરમાર, વાણીજ્ય વેરાના અધિકારી, કેશરસિંહ સોલંકી, નિવૃત્ત તલાટી લક્ષ્મણભાઈ કરેણ, તથા મેગાલ ગ્રા. પંચાયતના સરપંચ જસીબેન આર. કરેણ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહીને દાતા પરીવારનું સન્માન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મેગાળ પ્રા. શાળા તમામ શિક્ષક ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# પરસોડા ગામે રોડમાં જતી જમીન મુદ્દે ગરીબોની હડહડતા અન્યાયની રાવ

## ન્યાય ન મળે તો આમરણાંત ઉપવાસ આરંભવાની ચિમકી

ઈસરી, તા.૧૫

માલપુરથી મેઘરજ હાઈવે થોડા સમય અગાઉ માર્ગ અને મકાન વિભાગમાં મંજુર થયેલ રોડમાં પહોળાઈ વધવાની સાથે રોડ સાઈડની બંને બાજુની સરખી જમીન લેવાની થાય છે ત્યારે આ રોડ સાઈડના કોન્ટ્રાકટરો અને સર્વેયરોની મીલી ભગતથી આ રોડ સાઈડની બંને બાજુએથી સરખે ભાગે લેવાની આવતી જમીન એક જ બાજુએથી લેવાની નક્કી કરી સર્વે કરી ગયા હોવાથી આ એક બાજુના ગરીબ ખેડુત પરિવારોના ઘરો અને મકાનોને નુકશાન થવા જઈ રહ્યું છે ત્યારે આ રોડની બંને બાજુ સરકારી જમીન આવેલ છે ત્યારે રોડ માટે આ જમીન બંને બાજુએથી લેવાને બદલે સર્વેયરોએ લાંચમાં રૂપિયા લઈને આખી સાઈડ રાતોરાત બદલી નાખી એક જ બાજુએથી જમીન લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે આ હળહળતા અન્યાયનો ન્યાય મેળવવા માટે આ ગરીબ ખેડુત પરિવારોએ પ્રાંત અધિકારીને તથા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવા છતાં પણ ન્યાય મળતો નથી. અસંખ્ય અરજીઓ લેખીતમાં પણ કરી છે પણ ન્યાય તંત્ર પણ આંખ આડા કાન કરી આ ગરીબ ખેડુત પરિવારો પર થતા અન્યાયને ન્યાય અપાવવામા વિલંબ કરી રહ્યું છે. ગરીબ ખેડૂત પરિવારોની રોડ સાઈડમાં જતી જમીન જો બંને બાજુ સરખે ભાગે લેવામાં ન આવે અને એક જ બાજુએથી લેવામાં આવશે તો આ ગરીબ ખેડૂત પરિવારે આંદોલન પર ઉતરવાની અનો આમરણાંત ઉપવાસની ચીમકી પણ ઉચ્ચારી છે.

## કરુડાની સીમમાંથી રૂા. ૧.૨૪ લાખનો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના કરુડા ગામની સીમમાંથી મંગળવારે બપોરે પોલીસે ઈકો કાર નં.જીજે.૫.સીકયુ.૮૪૫૩ માં પાસ પરમીટ વગરના લઈ જવાતા રૂા.૧.૨૪ લાખનો વિદેશી દારૂ ખેડબ્રહ્મા પોલીસે ઝડપી લીધો હતો. ત્યારબાદ હેડ કોન્સ્ટેબલ ઈશ્વરભાઈ સોમાભાઈએ કાર ચાલક વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસે રૂા.૩.૨૪ લાખનો મુદ્દ્‌માલ કબજે લીધો હતો.

# પ્રાંતિજમાં જુગાર રમતા છ શકુની ઝડપાયા

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ ગલેચી વિસ્તારના ભાગોળ ઈન્દિરાનગર પાસે ખુલ્લી જગ્યાએ જુગાર રમતાં છ શકુનિઓ એલ.સી.બી. પોલીસે પકડી પાડ્યા છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ગલેચી ટેકરા ઈન્દિરાનગરમાં ખુલ્લી જગ્યામાં પાના પત્તીનો જુગાર રમતાં છ શકુનીઓ પ્રાંતિજ પોલીસે પકડી પાડ્યા હતા. જેમાં પ્રદિપ દેવેન્દ્ર પંડ્યા, રહે હાલ. ગાંધીનગર મૂળ રહે પ્રાંતિજ, મહેબુબ મિંયા બાપડ મિંયા ગોરી. રહે, પ્રાંતિજ, મહેન્દ્ર ભાઈ ઈશ્વરભાઈ પરમાર, રહે. પ્રાંતિજ, મહેન્દ્રસિંહ દિનસિંહ રાઠોડ રહે, પ્રાંતિજ, દિનેશભાઈ ભીખાભાઈ બારોટ. રહે, પ્રાંતિજ, રાજેશકુમાર લવજી મારવાડી, રહે. પ્રાંતિજનો સમાવેશ થાય છે. જુગારના પાના પત્તા સાથે દાવની રકમ ૧૪૯૦ મુદ્દામાલ સહિત છની પોલીસે અટકાયત કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## બેરણામાં બકરા જુદા પાડવા બાબતે ઝઘડો થતાં એક વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગરના તાલુકાના બેરણા ગામે શુક્રવારે બકરા જુદા પાડવા બાબતે બાબુભાઈ હિરાભાઈ ભરવાડ તથા મેરાભાઈ હિરાભાઈ ભરવાડ વચ્ચે ઝઘડો થયો હતો, બાબુભાઈએ ઉશ્કેરાઈ જઈ હુમલો કર્યો હતો. જેથી મેરાભાઈએ બાબુભાઈ વિરુદ્ધ ગાંભોઈ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## લવારી બસ સ્ટેન્ડ પાસે કારે ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૫

તલોદ તાલુકાના લવારી બસ સ્ટેન્ડ પાસેથી મંગળવારે કાર નં.જીજે.૯બીબી.૪૬૫૬ ના ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી કિશનભાઈ મસાભાઈ ભરવાડ (ઉ.વ.૮)ને હડફેટે લેતાં તેનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. જે અંગે ગેલાભાઈ કરશનભાઈ ભરવાડે મંગળવારે કાર ચાલક વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## બડોલીમાં મહિલાને ત્રાસ આપતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૫

ઈડર તાલુકાના બડોલી ગામે રહેતા મિત્તલબેન વિરમલભાઈ રજવાડીને તેમના પતિ વિરમલભાઈ, સાસુ પ્રવિણાબેન પરમાર, રમણભાઈ વિરાભાઈ પરમાર અને પૃથ્વીરાજ રમણભાઈ પરમારે શારીરિક અને માનસિક ત્રાસ આપી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી કંટાળીને મિત્તલબેને ચારેય સાસરીયા વિરૂધ્ધ સોમવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# લાયન્સ કલબ ઓફ હિંમતનગર દ્વારા મીઠાઈ અને રમતગમતનાં સાધનોનું વિતરણ

હિંમતનગર, તા.૧૫

લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈન દ્વારા દિવાળી પર્વે મોતીપુરા વિસ્તારના શ્રમજીવી પરિવારના બાળકોને મીઠાઈ અને રમત ગમતના સાધનોની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

લાયન્સ કલબ ઓફ હિંમતનગરના પ્રમુખ બ્રિજેશ પટેલ, મોહનભાઈ નાયી અને શામળભાઈ ચાવડા વગેરે સભ્યો આ કાર્યક્રમમાં જોડાયા હતા અને હિંમતનગરના મોતીપુરા વિસ્તારના જરૂરિયાતમંદ અને શ્રમજીવી પરિવારના બાળકોને દિવાળી પર્વે પ્રમુખના હસ્તે મીઠાઈ અને રમતગમતના સાધનોની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉમદા કાર્યથી અનેક જરૂરિયાતમંદ લોકોના ચહેરા પર તહેવારોના સમયમાં અનેક આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.





ખેડબ્રહ્મા શહેરમાં રજાઓમાં દારૂડીયાઓ બેફામ બન્યા છે. ઠેર ઠેર દારૂના નશામાં ધૂત દારૂડીયાઓ જાહેર માર્ગો પર રખડતા જોવા મળી રહ્યા છે. આથી સ્થાનિક રાહદારીઓ પરેશાન થઈ ઉઠ્યા છે. પોલીસ તાત્કાલિક આ મામલે કાર્યવાહી કરે તે જરૂરી છે.

# મોડાસાના બજારો રજાઓના પગલે કરફ્યુનો માહોલ : આજથી ધંધા-રોજગાર ધમધમશે

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના વડામથક એવા મોડાસા શહેરમાં દિવાળી પર્વમાં દિવાળીની મોડી રાત્રી સુધી શહેરના ધંધા રોજગાર અને માર્ગો પ્રજાજનોથી ધમધમી ઉઠ્યા હતા. અને મોડાસા શહેરના બજારો જાણે અમદાવાદના લાલ દરવાજામાં ખરીદી કરવા ઉમટી પડેલી ગ્રાહકોની ભીડ અને દુકાનો અને શૉ-રૂમને શણગારવામાં આવતા અદભૂત માહોલ જામ્યો હતો. શહેરના ધંધા-રોજગાર અને શૉ-રૂમના માલીકો અને જિલ્લાના પ્રજાજનો દિવાળી વેકેશનમાં ફરવા જતા રહેતા શહેરના ધમધમતા માર્ગો પર ત્યૌહારથી કરફ્યુ લાદ્યો હોય તેવો માહોલ સર્જાયો હતો.

મોડાસા શહેરમાં દિવાળીની રાત્રી સુધી શહેરના તેમજ જીલ્લાના પ્રજાજનો દિવાળી પર્વની ઉજવણીની ખરીદી કરવા ઉમટ્યા હોવાથી શહેરના બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી.

મોડાસા શહેરના વેપારીઓ પણ રોકડી કરી લેવાના મુડમાં હોવાથી રાત્રીના ૨ વાગ્યા સુધી લોકોએ ખરીદીની મજા લીધી હતી. શહેરના વેપારીઓ અને નાના દુકાનદારો અને ધંધા રોજગાર વાળા માલિકો પણ દિવાળીની રાત્રે હિન્દુ રીત રીવાજ મુજબ પોતાના ધંધા રોજગારનું સ્થળ અને ચોપડા પૂજન કરી મીની વેકેશન માણવા હિલ સ્ટેશન તથા વિવિધ પવિત્ર યાત્રાસ્થળોએ પોતાના પરિવાર સાથે પ્રવાસે નિકળી જતા મોડાસા શહેરનું જનજીવન જાણે એકાએક થંભી ગયું હોય તેવો અહેસાસ થઈ રહ્યો હતો. મોડાસા શહેરના બસસ્ટેન્ડથી શામળાજી રોડ, માલપુર રોડ, મેઘરજ રોડ ઉપર આવેલા વેપારીઓએ લાંભપાંચમના દિવસથી મુહૂર્ત કરી ધંધા રોજગારનું શુભ મૂહુર્ત કરવાના હોવાનું જાણવા મળ્યું હતું. દિવાળી વેકેશનના લીધે સ્કૂલ કોલેજો બંધ હોવાથી મોડાસા શહેરના માર્ગો સૂમસામ બની ગયા હતા. શહેરીજનોએ જીવનજરૂરીયાત ચીજવસ્તુઓ ખરીદવા માટે શહેરના એકાદ-બે કિલોમીટર સુધી ફેરા ખાવા પડ્યા હતા. સોમવારે લાભ પાંચમ હોવાથી મોડાસા શહેર ફરીથી પૂર્વરત બની જશે. જાણે કે શહેર ફરીથી ધબકતુ જોવા મળશે.

### વાર્તા રે વાર્તા... (૪ પાનાનું ચાલુ...)

વિક્રમની મા સાવિત્રીને આ ખબર પડે છે ત્યારે જરદોશ સાહેબના ઘરનું કામ કરવાની જવાબદારી માથે લઈ લે છે. સાહેબને જણાવે છે કે હું જીવીશ ત્યાં સુધી તેમજ શરીર કામ આપશે ત્યાં સુધી આપની સેવા કરતી રહીશ.

સમય પસાર થતો જાય છે અને વિક્રમ ધોરણ ૧૦ તથા ૧૨માં ખૂબ જ સારી ટકાવારી સાથે પાસ થાય છે. હવે વિક્રમે ભાવનગરની પોલિટેકનીક કૉલેજમાં સિવિલ ઈજનેરમાં પ્રવેશ મેળવે છે, ત્યાં પણ સારા માકર્સ સાથે ઉત્તીર્ણ થાય છે અને ભાવનગરની એક મિકેલીકલ કંપનીમાં નોકરી મેળવે છે. તેની ઈચ્છા તો આગળ એમ.ઈ. કરવાની છે તેથી જરદોશ સાહેબને હવે આર્થિક મદદ ન કરવાની વિનંતી કરે છે. જે જરદોશ સાહેબ સ્વીકારે છે. એમ.ઈ. થયા પછી તેની જ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર તેમજ સારા પગારથી નિમણૂંક મળે છે. ભાવનગરના પૉશ એરિયા એવા વાઘાવાડીમાં કંપની તરફથી રહેવા માટે બંગલો પણ મળે છે અને પુખ્યવયનો થતાં નોકરી સાથે છોકરી મળતાં, સંસારી થાય છે. વિક્રમ હવે પોતાની માતાને જરદોશ સાહેબનું કામ મુકી દેવા માટે આગ્રહ કરે છે પરંતુ માતાએ આપેલ વચન પ્રમાણે કામ ચાલુ રાખવાનું જણાવે છે. જરદોશ સાહેબને જાણ થતાં, સાવિત્રીને તેના વચન તેમજ કામમાંથી મુક્ત કરે છે.

જરદોશ સાહેબે આપેલ સલાહ મુજબ વિક્રમે એક ટ્રસ્ટની રચના કરી છે, તેમાંથી જરૂરીયાતમંદને સ્કૉલરશીપ આપી પગભર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ઘણાં જ વિદ્યાર્થીઓએ આ સ્કૉલરશીપનો લાભ લઈ પગભર થયા છે, વિક્રમ તેના વ્યવસાયમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે છે, અને આવા વિશાળ ફલક ઉપર 'કિસ્મતના ખેલ' ખેલતો રહે છે.

### સંયુક્ત બની લડીએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશ્વના જુદા જુદા દેશોમાં થઈ રહ્યા છે. આજે તુર્કીમાં આત્મઘાતી હુમલો એવા સમયે થયો છે જ્યારે ૧૦મી જી-૨૦ની શિખર બેઠક માટે તુર્કીમાં ૧૩૦૦૦થી વધુ અધિકારીઓ અને ૩૦૦૦થી પણ વધુ પત્રકારો એકત્રિત થયા છે. સમગ્ર તુર્કીમાં સઘન સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. બ્રિક્સ લીડરોમાં તમામ લીડરોએ મોદીની વાત સાથે સહમતિ દર્શાવી હતી. પહેલી ફેબ્રુઆરી ૨૦૧૬થી બ્રિક્સના ચેરમેનશીપની જવાબદારી ભારત સંભાળનાર છે. આવી સ્થિતિમાં મોદી આતંકવાદને રોકવાની બાબતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી શકે છે. ગઈકાલે પેરિસમાં આઈએસ દ્વારા ભીષણ હુમલાને અંજામ અપાયો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ફ્રાન્સના પાટનગર પેરિસમાં અનેક જગ્યાએ અંધાધુંધ ગોળીબાર અને આત્મઘાતી હુમલાથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યુ હતું.

### અંતિમ દિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ચૂંટણીમાં જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને નગરપાલિકામાં અપક્ષ કે અન્ય પક્ષોના ઉમેદવારોની સંખ્યા ૧૧૨ જેટલી છે. આ ઉમેદવારો ચૂંટણીના પરિણામોમાં અસરકારક બની શકે તેવી ભીતિ બન્ને મુખ્ય પક્ષના ઉમેદવારોને સતાવી રહી છે.

બન્ને પક્ષો દ્વારા હાલ તો ચૂંટણીની પ્રચાર-વ્યુહરચના અંગે મૌન ધારણ કરવામાં આવ્યું છે પણ જાહેરસભાઓ ઓછી થશે અને વ્યક્તીગત સંપર્ક અભિયાન પર વધુ જોર અપાશે તેમ મનાઈ રહ્યું છે.

બીજી તરફ આચાર સંહિતાના અમલની સાથે સાથે ખર્ચ પર નિયંત્રણને લઈ તંત્ર પણ હવે તેની બાજનજર રાખશે એટલે આગેવાનો હાલ કંઈ બહુ બોલવાના મૂડમાં નથી.

### સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસના આગેવાનોનું કહેવું છે કે જિલ્લાની પાયાની જરૂરિયાતો કોંગ્રેસના શાસનમાં જ ઉપલબ્ધ થઈ છે એટલુ જ નહિ વિકાસને અમે સંતુલિત બનાવવામાં સફળ રહ્યા છીએ. આ આગેવાનો જિલ્લામાં જૂથબંધી હોવાનો ઈન્કાર કરતાં કહે છે કે અમારો પક્ષ આંતરિક લોકશાહીમાં માને છે અને કાર્યકર્તા અમારૂ હૃદય છે. અમારે મન કાર્યકર્તાની વાત એ પ્રજાનો પ્રશ્ન છે. અમારી એકતાને જ ૨૦૦૦, ૨૦૦૫ અને ૨૦૧૦માં વિજય અપાવ્યો હતો.

બીજી તરફ ભાજપના આગેવાનો એવો દાવો કરી રહ્યા છે કે અમે ટિફિન બેઠકોથી શરૂ કરેલી સંપર્ક યાત્રાએ અમારા વિજયનો પાયો છે. અમે મહાસંપર્ક અભિયાનમાં પણ લોકોની વચ્ચે ગયા હતા. અમે જિલ્લાના સર્વાંગી વિકાસને વધુ મહત્વ આપ્યું છે.

ભાજપમાં પણ આંતરિક જૂથબંધી બહાર આવી રહી છે. પક્ષમાં કાર્યકર્તાઓ અને સંગઠન પાંખ વચ્ચે જોઈએ તેટલુ સંકલન જોવા મળતુ નથી. આ ઉપરાંત ઉમેદવારોની પસંદગીમાં પણ ભારે ખેંચતાણ છેલ્લી ઘડી સુધી રહી હતી.

જિલ્લા એકમના પ્રમુખ શ્રી નૈલેષ શાહ પોતે ચૂંટણીમાં ઝંપલાવવા આતુર બન્યા હતા પરંતુ છેલ્લી ઘડીએ બદલાયેલા સમીકરણોને લઈ તેમણે પોતાનો વિચાર ફેરવી તોળ્યો હતો. જિલ્લામાં આ વખતે વિજયનો વિશ્વાસ તેમના આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે. જોકે રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે કે આ વખતની ચૂંટણીમાં બદલાયેલા સીમાંકનો અને બદલાયેલી સ્થિતિને લઈ પરિણામો વિશે આગાહી શક્ય નથી પરંતુ હાલ તો કોંગ્રેસનો હાથ ઉપર જરૂર જણાય છે.

જો કે જિલ્લામાં હજુ ચૂંટણીનો માહોલ જોઈએ તેવો જામ્યો પણ નથી. આ ચૂંટણીમાં મિત્ર વર્તુળનું રાજકારણ કઈ ઘડીએ સમીકરણો બદલે તે કહેવુ અઘરૂ છે. બન્ને બાજુએ યુવા આગેવાનોએ પ્રચાર અભિયાનની ધુરા સંભાળી છે.

### ગુલાબી ઠંડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગરમીનો પારો પણ ૩૪ થી ૩૬ ડીગ્રી વચ્ચે રહેતા દિવસના આકરા તાપ સાથે નગરજનો બફારાનો અહેસાસ કરે છે. પરંતુ વહેલી સવારે તેમજ મોડી રાતે ઠંડીનો ચમકારો વર્તાય છે. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૪ ડીગ્રી રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન પણ બે ડીગ્રી ગગડીને ૧૬ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ઠંડીનો પારો નીચે ઉતરતા શહેરમાં ગુલાબી ઠંડીનુ મોજુ પ્રવર્તયુ હતુ. વાતાવરણમાં બદલાવના લીધે રાત્રિના સમયે પણ ઠંડીની અસરથી માર્ગો પર સન્નાટો જોવા મળે છે. ધીરે ધીરે ઠંડીનુ જોર વધતા શહેરના જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળ્યો હતો. જેના પરિણામે હજુ ડબલ સીઝનની અસર જોવા મળી રહી છે.